<u>ન્યુ ગુજરાત પેટર્ન વર્ષ ૨૦૨૨-૨૩</u>

<u>ઉદવહન સિંચાઇ યોજના દુમદા-૧, જિ. તાપી, ની રૂા. ૧૫૦.૦૦ લાખની રકમની વહીવટી મંજૂરી આપવા બાબત.</u>

ગુજરાત સરકાર

**આદિજાતિ વિકાસ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક: **TDD/NGP/e-file/25/2023/1142/P**

**વંચાણે લીધા:-**

1. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: એનજીપી/૯૯૧૦/૪૪૫/૧૩૯/૫.
2. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: એનજીપી/૨૦૨૨/આયોજન/પી.
3. નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૪/૦૭/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ/વિવિ. રજુ./ફા.નં ૪૧/૨૦૨૩/૩૩૯૩.
4. નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૦/૧૦/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: અવક/વિમુવિ/વિવિ. રજુ./ફા.નં ૪૧/૨૦૨૩/૩૭૫૨

**આમુખ:-**

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળના કામોના આયોજન, અમલીકરણ, ગ્રાંટ ફાળવણી વગેરેના ધોરણો વંચાણે લીધેલ ક્રમાંક: (૧) ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઇ મુજબ રાજ્ય કક્ષાના કામો માટે ૧૦% રકમની જોગવાઇ રાજ્ય કક્ષાએ કરવાની રહે છે. જે અન્વયે કામોની પસંદગી રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) માં જણાવ્યા મુજબ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ નાં રાજ્યકક્ષાનાં કામો માટેની ૧૦% જોગવાઇ હેઠળ અત્રેના વિભાગના તા.૨૧/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: એનજીપી/૨૦૨૨/આયોજન/પી ના પરિશિષ્ટ-અ ના અનુ. નં ૩૨ – ઉદવહન સિંચાઇ યોજના દુમદા-૧, તાપી જિલ્લો, ની સૈદ્ધાંતિક મંજુરી સહ રૂ.૧૫૦.૦૦ લાખની રકમ મંજૂર કરેલ છે. સદરહુ બાબતે વહીવટી મંજૂરી આપવા માટે વંચાણે લીધેલ ક્રમાંક:(૩) અને (૪) થી નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ દરખાસ્ત કરેલ છે. આ કામની રૂ.૧૫૦.૦૦ લાખની તાંત્રિક મંજૂરી કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઇ વિભાગ નં-૧ દ્વારા આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં જણાવેલ તા.૦૮/૦૫/૨૦૧૨ના ઠરાવ મુજબ રૂપિયા એક કરોડથી ઉપરના કામોને વહીવટી મંજુરી આપવાની સત્તા રાજ્ય સરકાર હસ્તક હોઈ, ઉક્ત કામને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, ઉક્ત વંચાણે લીધા ક્રમાંક: (૧) ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારને મળેલ સત્તા અનુસાર રૂ.૧૫૦.૦૦ લાખની રકમની વહીવટી મંજૂરી અને ખર્ચ કરવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

**શરતો:-**

1. સદરહુ બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં જણાવેલ ઠરાવ તેમજ આ અંગેના વખતો વખતના ઠરાવોથી નિયત કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.
2. આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

3. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ અને તા.૮/૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
4. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.
5. ઉપરોક્ત કામ માટે મંજૂર થયેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનું પાલન કરવાનું રહેશે.
6. અમલીકરણ અધિકારી દ્વારા તાંત્રિક મંજૂરી હુકમની શરતો તથા તેઓના વિભાગના ઉક્ત પ્રકારના કામ બાબતના ઠરાવોની શરતોને આવરી લઇ આ અંગેના વિગતવાર હુકમો તાત્કાલિક કરવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદેવસિંહ વાઘેલા
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી(આ.વિ.), બિરસા મુંડા ભવન, ગાંધીનગર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર, જિ.ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી-છ શાખા (બજેટ), આ.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ.